Title-Code:-GUJGUJ18109



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 12,(SURAT), DATE-11/09/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૨, (સુરત), તા.૧૧/૦૯/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

2 વ્યારામાં ગણેશ વિસર્જન યાત્રામાં ૧૮૫ થી વધુ સીસી કેમેરાથી ચાંપતી નજર રખાશે

3 નિઝર અને કુકરમુંડામાં ભારે વરસાદથી ખેતરોમાં ઉભા પાકોને વ્યાપક નુકસાન

4 બારડોલી નગરમાં વર્ષોની પ્રણાલી મુજબ સ્ટેશન ચાર રસ્તાથી બપોરે ૧૨ વાગ્યે વિસર્જન યાત્રાનો પ્રારંભ થશે

## સુરત કામરેજ સેવણી ગામ ખાતે શ્રી રાજપુત કરણી સેના સુરત જિલ્લા અને બારડોલી તાલુકાના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી

**સુરત-** શ્રી રાજપૂત કરણી સેના દક્ષિણ ગુજરાતના અધ્યક્ષ મેહુલ સિંહ દેસાઈ, કિશોરસિંહ ડાભી સુરત જિલ્લા પ્રભારી અને ધીરેન્દ્રસિંહ સોલંકી સુરત શહેર પ્રમુખની અધ્યક્ષતામાં સેવણી ગામ ખાતે કરણી સેનાની બેઠક મળી હતી. જેમાં સુરત જિલ્લા અને બારડોલી તાલુકાના નવનિયુક્ત હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. સાથે સાથે અન્ય ગામના રાજપુત સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ૭૦ થી ૧૦૦ યુવાન અને વડીલો સેવણી ગામ તથા આજુબાજુ ગામના રાજપુત સમાજ યુવાનો મોટી સંખ્યામાં શ્રી રાજપુત કરણી સેનામાં સભ્ય તરીકે જોડાયા છે.

શ્રી રાજપૂત કરણી સેના દક્ષિણ ગુજરાતના પ્રમુખ મેહુલસિંહ દેસાઈ એ જણાવ્યું હતું સંગઠન થકી એકબીજાને સમાજમાં મદદરૂપ થઈ સમાજના સર્વાંગી વિકાસ માટે સતત એકબીજા સાથે સુમેળ તાલમેલ મિલાવીને શિક્ષણ સમૃદ્ધિ , સનાતન, સંસ્કૃતિ માતા બેન દીકરી ની સુરક્ષા માટે કામ કરીએ દક્ષિણ ગુજરાતની જવાબદારી સંભાળતા ની સાથે તેમણે જણાવ્યું ભરૂચ, રાજપીપળા, સુરત, નવસારી, વલસાડ, તાપી, આહવા- ડાંગ અને વાપી, સેલવાસ વિભાગમાં આવનારા ટૂંક જ સમયમાં જિલ્લા અને તાલુકામા રાજપુત સમાજ યુવકોની નિમણૂક કરાશે. સમાજના યુવાનોને વ્યસન મુક્ત જીવન જીવવા પર પ્રેરણા આપી હતી. નવયુવાનો ની હોદ્દેદારોને નિમણૂક કરી મજબૂત સંગઠન બનાવવામાં આવશે. અને સમાજના હિત માટેસેવા કાર્ય શ્રી રાજપૂત કરણી સેના દક્ષિણ ગુજરાતમાં સમાજ માટે હંમેશા કામ કરવા માટે અગ્રેસર રહેશે.

**દક્ષિણ ગુજરાતની જવાબદારી સંભાળતા ની સાથે તેમણે જણાવ્યું ભરૂચ, રાજપીપળા, સુરત, નવસારી, વલસાડ, તાપી, આહવા- ડાંગ અને વાપી, સેલવાસ વિભાગમાં આવનારા ટૂંક જ સમયમાં જિલ્લા અને તાલુકામા રાજપુત સમાજ યુવકોની શ્રી રાજપૂત કરણી સેનામાં નિમણૂક કરાશે.**

૧. મિતુલસિંહ અજીતસિંહ સુરમા બારડોલી, સુરત જિલ્લા પ્રમુખ
૨. હિમાંશુ કે. ઠાકોર, ગામ પાલી (સુરત જિલ્લા મીડિયા પ્રભારી)
૩. ટુમીરસિંહ પ્રવિણસિંહ સોલંકી. બારડોલી, સુરત જીલ્લા મહામંત્રી
૪. હિરેનસિંહ (સની) મહેન્દ્રસિંહ દેસાઈ ગામ સેવણી, બારડોલી પ્રમુખ
૫. વત્સલસિંહ સુરેન્દ્રસિંહ દેસાઈ. ગામ પાલી, ઉપપ્રમુખ બારડોલી
૬. ભાર્ગવસિંહ અશોકસિંહ ચાવડા. ગામ બમરોલી, ઉપપ્રમુખ બારડોલી
૭. જસપાલસિંહ જશવંતસિંહ પરમારઃ મહામંત્રી, બારડોલી
૮. ધર્મેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ગોહિલ ગામ, મવાછી, મહામંત્રી બારડોલી
૯. દિવ્યસિંહ દિનેશસિંહ ચૌહાણ. ગામ, ખાનપુર. મંત્રી બારડોલી
૧૦. યશપાલસિંહ ચેતનસિંહ મોરી ગામ, જોખા. મંત્રી બારડોલી
૧૧. પ્રિતેશસિંહ દિપકસિંહ ગોહિલ ગામ, ઉવા. મંત્રી બારડોલી
૧૨. રીષિરાજસિંહ વિજયસિંહ ઠાકોર, ગામ દેલાદ. સહ મંત્રી
૧૩. વિસ્મયસિંહ દિનેશસિંહ પરમાર. આઈ. ટી સેલ બારડોલી
૧૪. કમલજીતસિંહ કરણસિંહ ચાવડા : બારડોલી મહામંત્રી











શ્રી રાજપૂત કરણી સેના
ક્ષત્રિય










# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT




## ગુજરાત ક્ષત્રીય સંકલન સમિતિનાયુવા મહિલા પ્રમૂખ

# બહુ નાની વયે ક્ષત્રીય સમાજ નારી શક્તિનુ ગૌરવ વધારતા તૃપ્તિબા રાઓલ

ખાનદાની અને ખુમારી લોહીમાં હોય, એના વાવેતર ન હોય...

નારી તું નારાયણી... સૂત્રને જ મણે સાચા અર્થમાં સાર્થક કર્યુ છે અને ક્ષત્રીય અસ્મિતા ગૌરવ અને સન્માન માટે બેધડક અવાજ ઉઠાવ્યો છે એવા શ્રીમતી તૃપ્તિબા મેઘદીપ સિંહજી રાઓલ જે નામ પુરા ગુજરાતમાં જા ણીતું છે ક્ષત્રીય આંદોલન વખતથી ઘર ઘર સુધી લોકો પ રિચિત છે મૂળ બાવળીયારીના શ્રી મહાવીરસિંહજી. આર. ચુડાસમાના દિકરીબા અને સ્વ. મહેન્દ્રસિંહજી. બી. રાઓલનાં પ ત્રવધૂ મૂળ વતન માણસા પ ણ અત્યારે ગાંધીનગર ખાતે નિવાસ સ્થાન ધરાવે છે શિક્ષણ ભાવનગર રાજપરીવાર સંચાલિત સંસ્થા શ્રી નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય માંથી લીધેલ અને મનોવિજ્ઞાન સાથે સ્નાતક થયા છે. સાથે એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી થી ઈન્ટીરીયર ડીઝાઇનિંગ કરેલ છે. નારી શક્તિ એજયુકેશન ટ્રસ્ટ' ના પ્રમુખ તથા એક સફળ બીઝનેસ વુમન પણ છે. જવેલરી બીઝનેસ સાથે મીરેકલ ઈમિગ્રેશન' નામે ફોરેન એજયુકેશન ના પરીવાર ના વ્યવસાય સાથે પણ જોડાયેલા છે. નાની ઉંમરે સમાજીક પ્રવૃત્તિ માં સક્રિય થયેલા તૃપ્તિબા મહિલા અને બાળકોના ઉત્થાન અર્થે સમાજસેવા કરી સુખી અને ઉન્નત સમાજ નું સર્જન કરવામાં પોતાનો સિંહફાળો આપી રહ્યા છે. ગુજરાત ના સૌથી નાની ઉંમર ના રાજપુત મહિલા આગેવાન તરીકે પોતાની ઓળખ ઉભી કરનાર તૃપ્તિબા એ પોતાની કાર્યશૈલી, મર્યાદા અને એક ક્ષત્રાણી ના સંસ્કારો નું ઉત્તમ ઉદાહરણ



પુરુ પાડી સમાજ ના વડીલો ના વિશ્વાસ પર ખરા ઉતરી ગુજરાત રાજય ની રાજપુત સમાજ ની સંકલન સમિતિ ના મહિલા પ્રમુખ તરીકે નિમણુક પામ્યા છે તેઓ મહિલા સશક્તિકરણના પ્રખર હિમાયતી છે અને શિક્ષણ ક્ષેત્રે ઉમદા ફરજ અદા કરી રહ્યા છે.

# ક્ષત્રિય રાજપૂત સમાજની ઘોર ઉપેક્ષા



રાજય સરકારમાં રજૂઆત બાદ પણ પડતર પ્રશ્નોના નિરાકરણ બાબતે ઢીલી નીતિગુજરાતમાં રાજકીય સમીકરણો બદલવાની સાથે ૧૩ મી સપ્ટેમ્બર- ૨૦૨૧ થી ગુજરાતના ૧૭માં મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્રભાઈ પટેલે મુખ્યમંત્રીની ધુરા સંભાળી હતી. કેન્દ્ર અને ગુજરાત રાજયમાં ભાજપની સરકાર હોવાથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ડબલ ગતિ, ડબલ વિકાસ એટલે જ એન્જિનવાળી સરકાર તરીકે જાણીતી થઇ છે. ગુજરાતમાં અનેક પ્રશ્નો બાબતે ત્વરિત નિર્ણય લેતી ડબલ એન્જિનવાળી સરકારમાં ગુજરાત ક્ષત્રિય રાજપૂત સમાજના પડતર પ્રશ્નો બાબતે ઘોર ઉપેક્ષા સાથે આંખ કાન કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત રાજયની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિ દ્વારા ૮મી ઓક્ટોબર-૨૦૨૧ના દેશના બંધારણમાં પાયાની ભૂમિકા ભજવનાર દેશના ૫૬૫ રજવાડાઓનું મ્યુઝિયમ બનાવવા, વિધવા સહાય, સરકારી વહીવટમાં ક્ષત્રિય સમાજની બાદબાકી, સરકાર અને રાજકીય પક્ષમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવા, જમીન સંબંધિત, સામાજીક સંસ્થાઓને જમીન ફાળવવા સહિતના પ્રશ્ને મુખ્યમંત્રીને રૂબરૂ મુલાકાત સાથે રજૂઆત કરી.

ગુજરાત રાજયની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિના મુખ્ય સંકલનકર્તા રમજુભા જાડેજાએ ક્ષત્રિય ઇન્કો સાથે વાતચીતમાં ગુજરાત ક્ષત્રિય રાજપૂત સમાજના પડતર પ્રશ્નો છેલ્લા ત્રણેક વર્ષથી ધ્યાનમાં લેવાયા નથી. સંકલન સમિતિ દ્વારા ગત તા. ૫ મી ઓગસ્ટ-૨૦૨૪ ના લેખિતમાં રજૂઆત પડતર પ્રશ્નોના નિરાકરણ બાબતે રજૂઆત કર્યા બાદ કોઈપણ જાતનો પ્રતિભાવ નથી મળ્યો. ત્યારે આગામી એક માસમાં હકારાત્મક પ્રતિભાવ નહી મળે તો દશેરા બાદ સમસ્ત ગુજરાતની રાજપૂત સંસ્થાઓના પ્રતિનિધિઓની બેઠક બોલાવી નવી રણનીતિ નક્કી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# વ્યારામાં ગણેશ વિસર્જન યાત્રામાં ૧૮૫થી વધુ સીસી કેમેરાથી ચાંપતી નજર રખાશે

વ્યારા- વ્યારા નગર ખાતે ૧૦૦ વિવિધ ગણેશ મંડળો અને શાંતિ સમિતિ ના સભ્યો ની મીટીગ વ્યારા માં નાયબ પોલીસ અધિક્ષક પી.જી. નરવડે ની અધ્યક્ષતામાં મળી હતી.પોલીસ તંત્ર ,જીઇબી અને માર્ગ મકાન વિભાગ દ્વારા વિવિધ તૈયારી ની માહિતી આપી હતી.



વ્યારા નગર પાલિકાના હોલ ખાતે સોમવારે સાંજે ડીવાયએસપી પી.જી નરવડે તેમજ વ્યારા પીઆઈ એન. એસ. ચૌહાણ, એસઓજી પીઆઈ કે. લિંબાચિયા અને ટ્રાફિક પીઆઈ સલીમ શેખ ની અધ્યક્ષતા માં ૧૦૦ થી વધુ ગણેશ મંડળો અને શાંતિ સમિતિ ના સભ્યો ની યોજી હતી. જેમાં વિઘ્નહર્તા ની વિસર્જન યાત્રા માં શરૂઆતમાં વ્યારા પીઆઈ ચૌહાણે જણાવ્યું હતું કે, ૧૮૦ થી વધુ સીસીટીવી અને ચાંપતા પોલીસ બંદોબસ્ત સાથે વિવિધ માર્ગો પર બનાવેલા રૂટો મુજબ વિસર્જન યાત્રા સમયસર નીકળી અને પૂર્ણ થાય એનું ધ્યાન રાખે.

વિસર્જન દરમ્યાન કોઈ પણ જાત નું ગેરવર્ણતુંક ચલાવી લેવા માં આવશે નહિ એમ જણાવ્યું હતું, આ પ્રસંગે શાંતિ સમિતિ ના સભ્ય અને મંડળ દ્વારા વિસર્જન સ્થળે પાર્કિગ ની સમસ્યા, લાઈટ ની વ્યવસ્થા, માર્ગો પર ખાડા હોય, લાઈટો વધુ સમય બંધ ન રહે રજૂઆત કરી હતી.જેને નગર પાલિકા પ્રમુખ રિતેશ ઉપાધ્યાય દ્વારા પાલિકા ના પ્રશ્નો નિકાલ ની ખાતરી આપી હતી. એસઓજી પીઆઈ દ્વારા નગરજનો ને કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે સહકાર આપવા જણાવ્યું સાથે અસમાજિક તત્વો ના યાદી પણ બનાવી રાખી હોવાનું જણાવ્યું હતુ.

# વ્યારા નગરપાલિકામા સાફસાફાઇ બાદ હવે રોગચાળો અને મચ્છર ઉપદ્રવને અટકાવવા દવા છંટકાવ કામગીરી પુરજોશમાં



**તાપી-**તાપી જિલ્લામાં ગત દિવસોમાં પડેલા વરસાદ બાદ મચ્છર ઉપદ્રવ ,રોગચાળા અટકાયત અને સાવચેતીના ભાગ રૂપે વ્યારા નગરપાલિકાની ટિમ દ્વારા સાફસાફાઇ બાદ વિવિધ સ્થળોએ દવા છંટકાવ, પાઉડર છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે. નગરની સાફ સફાઈ માટે સફાઈકર્મીઓ પુરી મહેનતથી નોધપાત્ર કામગીરી કરી રહ્યા છે. નોધનીય છે કે, આજ રોજ નવી વસાહત વોર્ડ નંબર ૭, વેગી ફળિયું, વોર્ડ નંબર ૫, મિશ્રશાળા પાસે, વોર્ડ નંબર ૨, પાટ ફળિયું વોર્ડ નંબર ૪ માં દવા અને પાઉડર છંટકાવની કામ્ગીરી કરવામાં અવી હતી.

# તાપી જિલ્લા રજીસ્ટ્રાર પાસે ન્યાય મેળવવો હોય તો ગાંધીછાપ લઈને જવું પડેના બેનરો સાથે આવેદન

વ્યારા- વ્યારા દૂધ મંડળીના પશુપાલકો દ્વારા સોમવારે કલેકટર તાપીને ઉદ્દેશીને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે દૂધ મંડળીમાં પશુપાલકો પાછલા ઘણા વર્ષોથી ઇલાઇટ દાણ, ફેટ ચોરી, દૂધ ચોરી, મંડળી ઉપરના ચેકિંગ દરમિયાન કર્મચારીઓ સાથે ગાળા ગાળી તેમજ દૂધ ચેક નહીં કરવા દેવું, દૂધ સેમ્પલ લઈ જતા મંત્રી ઉપર હુમલો જેવા અનેક પ્રશ્નોની ફરિયાદ સુમુલ તથા જિલ્લા રજીસ્ટર તાપીની કચેરીમાં નક્કર પુરાવા સાથે આપવા છતાં સભાસદોને સાંભળ્યા વગર ઉડાઉ જવાબ આપવામાં આવ્યો છે



જે જવાબ સભાસદોને માન્ય નથી, કારણ કે સભાસદોને ૭૫% સબસીડી વાળી ઇલાઈટ દાણ મળી જ નથી ૭૫% સબસીડીવાળી ઇલાઈટ દાણ એક કર્મચારી ,એક બિન સભાસદ અને સાત કમિટી સભ્યો દ્વારા આમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો, કેટલી દાણ આવી છે તેની યાદી અને તેમના ખાતામાંથી વધારે દાણ લઈ ગયા તેની ખાતાવહીનો ઉતારો આપવા છતાં જિલ્લા રજીસ્ટર તાપીનાઓ દ્વારા સભાસદોને દાણ મળી ગઈ છે, એવો ખોટો જવાબ આપી દૂધ મંડળીમાં કોઈ ભ્રષ્ટાચાર થયો નથી, એવો ઉડાઉ જવાબ આપી સભાસદોની ફરિયાદ દફતરે કરવાનું ષડયંત્ર કર્યું છે, જે જવાબ સભાસદોને મંજૂર નથી, સભાસદોના ચાર પ્રશ્નોના ખુલાસા માટે એક સમિતિ બનાવવામાં આવે જેમાં સુમુલના બે કર્મચારીઓ, જિલ્લા રજીસ્ટરના બે કર્મચારીઓ તથા બે સભાસદો અને મંત્રી એમ સાત સભ્યોની ટીમ બનાવી તપાસ કરવામાં આવે અને એમાં જે જવાબ આપે તે તમામ સભાસદોને મંજૂર રહેશે એ પ્રકારનો જવાબ આવેદનપત્રમાં જણાવ્યું છે

જિલ્લા રજીસ્ટર તાપી દ્વારા સભાસદો એ અગાઉ કરેલ અરજીના અનુસંધાને પત્ર દ્વારા જાણ કરવામાં આવી હતી કે કમિટીની નિમણૂક કરી હોય કમિટીને ફરિયાદ કરવી જોઈએ તથા લાંબો સમય વીત્યા બાદ રજૂઆત કરવામાં આવી હોવાનું તથા અરજદાર પોતે મંડળીના મંત્રી તરીકે ફરજ બજાવતા હોય તેમ છતાં બેદરકારી દાખવી હોવાનું જણાય છે જેથી રજૂઆતમાં કંઈ તથ્ય જણાતું નથી.

# ચાઈના લસણ બંધ કરો... બંધ કરો... -ગોડલ માર્કેટિગ યાર્ડમાં આજે લસણની હરરાજીનું કામકાજ બંધ, ચાઇના લસણના વિરોધમાં વેપારીઓએ સૂત્રોચ્ચાર કર્યા



ગોડલ- ગોડલ માર્કેટ યાર્ડમાં પ્રતિબંધીત ચાઈનાનું લસણ વહેંચાણ અર્થે ૬ સપ્ટેમ્બરના આવતા ચકચાર મચી જવા પામી હતી. માર્કેટ યાર્ડમાં કોઈ ખેડુત દ્વારા દેશમાં પ્રતિબંધિત ચાઇનાના લસણના 30 જેટલા કટ્ટા આવતા સતાધીશો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ચાઈનાના લસણને લઈને યાર્ડમાં લસણ વેપારી દ્વારા લસણની હરરાજી બંધ રાખી અલગ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

લસણની હરરાજી બંધ રાખી વેપારીઓએ વિરોધ કર્યો ગોડલ માર્કેટયાર્ડમાં આજે લસણના વેપારી દ્વારા લસણની હરરાજીનું કામકાજ બંધ રાખવામાં આવ્યું છે. ગોડલ યાર્ડ કમિશન એજન્ટ એસોસિએશન અને વેપારીઓ દ્વારા લસણની હરરાજી બંધ રાખી અનોખો વિરોધ કર્યો હતો. વેપારીઓએ હાથમાં બેનરો રાખી 'બંધ કરો બંધ કરો ચાઈના લસણ બંધ કરો' ના નારા લગાવ્યા હતા. ભારત સરકાર દ્વારા ચાઈનાના લસણ પર પ્રતિબંધ કરવામાં આવ્યો છે. તેમ છતાં ગોડલ માર્કેટયાર્ડમાં આવક થતાં ભારતભરમાં લસણની હરાજીનું આજે એક દિવસ કામકાજ બંધ રાખવામાં આવ્યું છે.

'સરકારને ચાઈના લસણ ભારત આવતા અટકાવે' લસણના વેપારી રમણિક વઘાસિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગોડલ યાર્ડના વેપારીઓ અને કમિશન એજન્ટ એસોસિએશન પણ લસણની હરરાજી બંધમાં જોડાયું છે. સરકારને વિનંતી છે કે ચાઈનાનું લસણ ભારતમાં ઘૂસી રહ્યું છે એ બંધ કરાવે.



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### અર્થતંત્રના લલાટે ધાર્મિક તહેવારોનું તિલક...

મૂર્તિ બનાવનાર, ફૂલો વાળા, મિઠાઇ વાળા, મંડપ વાળા, પૂજાપાની સામગ્રી વાળા, કેટરીંગ કરનારા, પૂજારીઓ વગેરેનો બિઝનેસ સતત ચાલતો રહે તેવી આસાન સિસ્ટમ ઓટોમેટીક ઉભી થઇ ગઇ  છે. ઉત્સવ એક છે પરંતુ તેની સાથે જોડાયેલા અનેક બિઝનેસ ધબકી રહ્યા છે.

- બે લાભ થાય છે એકતો ધાર્મિક સંસ્કૃતિના પ્રસાર થાય છે અને અર્થ તંત્રમાં પૈસો સ્વૈચ્છીક રીતે પમ્પ થતો રહે છે તેમજ ગ્રામીણ અર્થતંત્રમાં ખરીદ શક્તિ ઉભી થાય છે.હાલમાં ગણપતિ બાપાનું સ્થાપન ઠેર ઠેર જોવા મળે છે. નાની સોસાયટીઓથી માંડીને ફ્લેટોમાં ગણપતિ સ્થાપન જોવા મળે છે. હવેતો માહોલ એવો ઉભો થયો છે કે ગણપતિ ઉત્સવ એક પ્રકારે નવરાત્રિને ટક્કર મારતો મહોત્સવ બની ગયો છે. એક ગામ એવું નથી કે જયાં ગણપતિ બિરાજમાન ના કરાયા હોય. શહેરો તો ગણપતિમય બની ગયા છે. લોકોને એક મંચ પર ભેગા કરવાનો આપણા પૂર્વજોનો આઇડયા આજે મહા મહોત્સવ બની ગયો છે. દરેક ધાર્મિક ઉત્સવો દેશના ગ્રામીણ અર્થતંત્રને ચેતનવંતુ રાખવા બનાવ્યા હોવાનો હવે એહસાસ થાય છે.

મૂર્તિ બનાવનાર, ફૂલો વાળા, મિઠાઇ વાળા, મંડપ વાળા, પૂજાપાની સામગ્રી વાળા, કેટરીંગ કરનારા, પૂજારીઓ વગેરેનો બિઝનેસ સતત ચાલતો રહે તેવી આસાન સિસ્ટમ ઓટોમેટીક ઉભી થઇ ગઇ  છે.

ઉત્સવ એક છે પરંતુ તેની સાથે જોડાયેલા અનેક બિઝનેસ ધબકી રહ્યા છે. ભારતની સંસ્કૃતિને મજબૂત બનાવવા સ્વયંભૂ ઉભા થયેલા કેટલાક તહેવારોને પેઢી દર પેઢી આગળ વધારાયા છે. આર્થિક તંત્રમાં અવાર નવાર આવતા ધાર્મિક તહેવારોના કારણે પૈસો સતત ફરતો રહે છે અને છેવાડાના માનવી સુધી તેનો લાભ મળતો દેખાય છે.

ગણપતિના તહેવારાએ જે રીતે ઉજવણીનો પવન ઉભો કર્યો છે તેના કારણે દર વર્ષે વધુને વધુ લોકો ગણપતિ સ્થાપન કરતા થયા છે. ગણપતિ સ્થાપન માટેની જરૂરી ચીજો આર્થિક તંત્રને ચેતનવંતુ બનાવતું જાય છે. વરસાદની સિઝન અને રોપણીની સિઝન સાથે સંકળાયેલા તહેવારો ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી ઉભી કરી શકે છે.

આપણી સંસ્કૃતિ કહે છે કે  દરેક દેવ પૃથ્વી પર રહેતા માનવને દર્શન આપવા આવે છે. રથયાત્રાએ ભગવાન જગન્નાથ રથયાત્રા કાઢીને નગર યાત્રાએ નીકળે છે, એમ શ્રાવણ માસમાં ભગવાન શિવ લોકોને દર્શન આપવા આવે છે, એવી જરીતે ભગવાન ગણપતિ દશ દિવસ રોકાય છે એમ નવરાત્રીમાં મા અંબા નવ દિવસ રોકાઇને દર્શન દેવા આવે છે.

તહેવારોમાં શો મસ્ટ ગોઓન જેવું છે. કોરોના ડરથી ઘરમાં પુરાઇ રહેલા શ્રધ્ધાળુઓ ઉત્સવ ઉજવવા બહાર આવ્યા છે જેનો સીધો લાભ ગ્રામીણ અર્થ તંત્રને મળી રહ્યો છે.. ભારતનું અર્થતંત્ર વેગવંતુ બનાવવું હોય તો ગામડાના લોકોની ખરીદ શક્તિ વધે તેવું કરવું જોઇએ. જોતે કમાતા થશે તો તેમની ખરીદ શક્તિ વધશે. ગામડામાં કૃષિ સિવાયના અનેક ક્ષેત્રો એવા છે કે જેમાં ગામડાના લોકોમાં રહેલી આંતરીક શક્તિનો ઉપયોગ કરી શકાય છે. પહેલાં કિસાનો ફૂલો ઉગાડવાના ધંધાથી દુર રહેતા હતા પરંતુ તહેવારના દિવસોમાં કિસાનો હવે ફૂલો ઉગાડીને આવક કરતા થયા છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો કોઇ એક સોસાયટીમાં ગણપતિ સ્થાપન કરાય છે તો ત્યાં સવારે જમવાનું અને સાંજે હેવી નાસ્તાની વ્યવસ્થા હોય છે. રોજ પૂજારી આવીને પૂજા કરે છે. રોજ પ્રસાદ માટે ફળો લવાય છે. ભગવાનના મંડપનું ડેકોરેશન કરાય છે. બેસવા માટે ખુરશી વગેરે લવાય છે. આમ ગણપતિ સ્થાપના દશ દિવસ માટે કરાય તો એક મૂર્તિની પાછળ અંદાજે ઓછામાં ઓછા પચાસ હજારથી બે લાખ રુપિયાનો ખર્ચ થઇ શકે છે. એટલેકે એક મંડપ પાછળ બે લાખ રુપિયા જેટલો ખર્ચ થાય છે. આ ખર્ચ આયોજકોને લોકો મારફ્તે મળી રહે છે. વિસ્તારમાં રહેતા લોકો અને દુકાનદારો આથિર્ક મદદ કરતા હોય છે.

જાહેરમાં ઉભા કરાતા ગણપતિના મંડપોનો ખર્ચો સોસાયટીમાં સ્થાપન કરાતા ગણપતિ કરતાં વધુ હોય છે. મુબઇમાં ગણપતિના  મંડપોનો અને મૂર્તિ સહીતની ચીજોનો અંદાજે ૧૦૦૦ કરોડનો વિમો ઉતારાય છે. જે લોકો પોતાના ઘેર બાપ્પાને બોલાવે છે તેમનું  બજેટ પણ ૨૫,૦૦૦ રૂપિયાનું હોય છે. આપણે ત્યાં ગણપતિનું સ્થાપન આસાન નથી હોતું. તેમને રોજ ભોગ આપવા , સવાર સાંજ આરતી કરવી વગેરે કરવા માટે પૈસાની જરૂર પડે છે. આપણે ત્યાં એક ખાસિયત એ છે  કે લોકો ભગવાનના કામમાં આર્થિક મદદ કરતાં નથી ખચકાતા.

ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર

૭-સિટર



સંપર્ક- અનિલભાઈ

મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત



હારમોની હાઈટ ના ગણેશજી. બારડોલી



બારડોલી : મોતા ગામ ના રાજા (નીલકંઠ મંદિર)




B. K. Park -1, શાસ્ત્રી રોડ, બારડોલી

## નિઝર અને કુકરમુંડામાં ભારે વરસાદથી ખેતરોમાં ઉભા પાકોને વ્યાપક નુકસાન

કુકરમુંડા- તાપી જિલ્લાના નિઝર અને કુકરમુંડા તાલુકામા ભારે વરસાદના પગલે કપાસ, મરચા, પપૈયા જુવાર, તુવેર, સોયાબીન, મકાઈ જેવા પાકોને વ્યાપક નુકસાન થતા ખેડૂતોઓ ચિંતિત જોવા મળી રહ્યા છે. આ બંને તાલુકામાં ગત દિવસોમા પડેલા ભારેથી અતિભારે વરસાદના કારણે ખેતરોમાં આવેલા ઉભા પાકોને ભારે નુકસાન થયું છે.

જેથી ખેડૂતોમાં દેવાદાર બનવાનો ભય સતાવી રહ્યો છે. આ વર્ષે ખેડૂતોઓ દ્વારા ચોમાસા ઋતુના પાકોઓ માટે મોંઘુ બિયારણ, ખાતર, દવાઓની ખરેદી કરવાં સહીત અન્ય ખેતીકામ કરવા માટે દેવું કરીને પોતના ખેતરોમા ચોમાસા પાકો જેવા કે કપાસ, જુવાર, તુવેર, મરચા, મકાઈ, સોયાબીન, પપૈયા સહીત વિવિધ પાકોનું વાવેતર કરેલ છે. પરંતુ ચોમાસા દરમ્યાન વરસેલા ભારેથી અતિ ભારે વરસાદના કારણે ખેતરોમાં ઠેરઠેર વરસાદી પાણી ભરાય જતા અનેક ઉભા પાકોમાં ભારે નુકસાન થયું હતું. બંને તાલુકામાં ભારેથી અતિ ભારે વરસાદના કારણે ચોમાસા પાકોને થયેલ ભારે નુકસાનથી ખેડૂતોઓમાં દેવાદાર બનવાની ભીતિ જોવા મળી રહી છે.

## તાપી જિલ્લા વાલોડ ગામ ના ડોડકિયા ફળિયા માં અડધી રાત્રે દીપડો પાંજરે પુરાયો



**વાલોડ-** વાલોડનાં જગદીશભાઈ માધુભાઈ ચૌધરી ના ઘરના પાછલા ભાગે ખેતર માં દીપડો દેખાતા તરતજ RFO ઓફિસે પહોચી અરજી આપી. તે પછી તારીખ ૦૯/૦૯/૨૦૨૪ ના રોજ સાંજે ૫ વાગે ખેતરે પાંજરૂ મુકવામાં આવ્યું તે પછી રાત્રે ૧૦:૩૦ કલાકે દિપડો પાંજરે પુરાયો અને વાલોડ વનવિભાગ સાથે RCSSG મેમ્બર ઇમરાન વૈદ ને જાણ કરવામાં આવી, તે લોકો તરત હજાર થયા.

તે સાથે પાંજરા નો કબ્જો લઈ વાલોડ વનવિભાગ ની નર્સરી પર દિપડો મૂકવામાં આવ્યો. તે સાથે ઉપલા અધિકારી ને જાણ કરવામાં આવી.



દેવરત્ન સોસાયટી, શ્રી ગણેશ મંડળ સોનગઢ- દેવરત્ન ચા રાજા



શ્રી ગણેશ સાર્વજનિક યુવક મંડળ, શ્યામ વાટીકા સોસાયટી દેવજીપુરા સોનગઢ તાપી



સાંઇ ક્રિષ્ના સોસાયટી, શાસ્ત્રી રોડ- બારડોલી



સાંઈ દર્શન રો હાઉસ,શાસ્ત્રી રોડ- બારડોલી

## સુરત પથ્થરમારાની ઘટના: આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસે ૧૪ દિવસના રિમાન્ડ માંગ્યા

સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થમારો કરનારા ૨૬ આરોપીને આજે બપોરે ત્રણ વાગ્યે સુરત કોર્ટમાં રજૂ કરાશે. આ પથ્થરમારા પાછળ કોઈ સુનિયોનિત કાવતરું હતું કે નહીં તેની તપાસ કરવા માટે પોલીસ ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી છે તેમજ સગીરોના બ્રેશવોશ કરાયાની પણ તપાસ કરશે.

આ ઘટનામાં ૩૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ પથ્થરમારાની ઘટનામાં ૬ કિશોરને પકડવામાં આવ્યા છે.

## દક્ષિણામૂર્તિ વિદ્યાલયમાં ગણેશ ઉત્સવ નિમિત્તે યોજાઈ ગયેલી થાળી શુંશોભન સ્પર્ધા



મુક્તિધામ સોસાયટી, પુણાગામમાં આવેલી દક્ષિણા મૂર્તિ વિદ્યાલય વિદ્યા અભ્યાસની સાથો સાથ બાળકોમાં રહેલી સર્જનાત્મક પ્રવૃત્તિઓને પણ વાર -તહેવારે બહાર લાવવાનો સંગીન પ્રયત્ન કરતી હોય.. તેના અનુસંધાનમાં શાળામાં સ્થાપવામાં આવેલા ગણેશ ઉત્સવ દરમિયાન પ્રાથમિક વિભાગના બાળકો માટે થાળી સુશોભન સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમાંકે પહોચી ધોરણ ૫ અ ની વિદ્યાર્થીની કવાડ કીર્તિ રાકેશભાઈ બીજો ક્રમાંક ધોરણ ૬ બે નો વિદ્યાર્થી નકુમ શુભમ, ધોરણ ૮ ની વિદ્યાર્થીની જાળોધરા ક્રિષ્ના. નિર્ણય તરીકે સુરતી ઉર્મિલાબેન અને બલદાણીયા ધર્મેશભાઈ સેવા આપી હતી.

Date-11/09/2024 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## બારડોલી નગરમાં વર્ષોની પ્રણાલી મુજબ સ્ટેશન ચાર રસ્તાથી બપોરે ૧૨ વાગ્યે વિસર્જન યાત્રાનો પ્રારંભ થશે



બારડોલી- હાલ ગણેશોત્સવ પર્વ ધામધૂમથી ઉજવાઇ રહ્યો છે. ત્યારે આગામી ૧૭મીના રોજ ગણેશ વિસર્જનના દિવસે વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે બારડોલી પ્રાંત કચેરી ખાતે શાંતિ સમિતિના સભ્યોની એક બેઠક પ્રાંત અધિકારી જીજ્ઞા પરમારની અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી.

ડીવાયએસપી એચ એલ રાઠોડ, બારડોલી નગરપાલિકા ચીફ ઓફિસર મિલન પલસાણા, નગરપાલિકા પ્રમુખ ધર્મેશ પટેલ, પોલીસ અધિકારીઓ, અગ્રણી આગેવાનો વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં વિસર્જનના આયોજનને લઈ ચર્ચા વિચરણ કરવામાં આવી હતી. વિસર્જન યાત્રાના રુટમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમજ વર્ષોની પ્રણાલી મુજબ બપોરે ૧૨ વાગ્યે સ્ટેશન ચાર રસ્તાથી વિસર્જન યાત્રાની શરૂઆત કરવામાં આવશે તેમ પ્રાંત અધિકારી જીજ્ઞા પરમારે જણાવ્યુ હતું. અધિકારીઓએ ઉપસ્થિત શાંતિ સમિતિના સભ્યોના અભિપ્રાયો જાણ્યા હતા.

આ પ્રસંગે ડીવાયએસપી એચએલ રાઠોડે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ અને લીમડા ચોક ખાતે આવેલી સરકારી હોસ્પિટલ પાસે સ્પીકરનો અવાજ ધીમો રાખવા અપીલ કરી હતી. જેથી દર્દીઓને ખલેલ ન પહોંચે. ત્રણ ફૂટ સુધીની મૂર્તિઓ બારડોલીના મીંઢોળાના ઓવારે થી વિસર્જન કરવા દેવાશે તથા મોટી અન્ય મૂર્તિઓ નું વિસર્જન સરભોણ અને ભુવાસણ ગામના તળાવમાં કરવામાં આવશે. વિસર્જન યાત્રા વહેલી શરૂ કરવામાં આવે તેવી અપીલ પણ સત્તાધીશો દ્વારા કરવામાં આવી હતી.

## પૂર્વ ધારાસભ્ય આનંદભાઈ ચૌધરીની ઓલ ઇન્ડિયા કોગ્રેસ સમિતિમાં સેક્રેટરી




માંડવી- માંડવી વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય આનંદભાઈ ચૌધરીની હાલમાં થયેલી વિવિધ નિમણૂકો સંદર્ભે જિલ્લાની બેઠક માંડવી રાખી સન્માનિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.માંડવી વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય આનંદભાઈ ચૌધરીની કાર્ય કુશળતા તથા પક્ષ પ્રત્યેની નિષ્ઠાને ધ્યાને રાખી ઓલ ઇન્ડિયા કોગ્રેસ સમિતિના સેક્રેટરી પડે નિમણૂક કરવામાં આવી હતી.

આ ઉપરાંત મધ્યપ્રદેશના પ્રભારી તરીકે પણ એમને નિયુક્ત કરવામાં આવતા આજરોજ માંડવી વન વિભાગના વિશ્રામ ગૃહ ખાતે સન્માનિત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય ડો.તુષારભાઈ ચૌધરી તથા જિલ્લા કોગ્રેસ સમિતિના પ્રમુખ મનહરભાઈ પટેલ, સિદ્ધાર્થભાઈ ચૌધરી ઉપરાંત માંડવી કોંગ્રેસ આગેવાન શંકરભાઈ ચૌધરી, ભીમસંગભાઈ ચૌધરી તથા દરેક તાલુકાના કોંગ્રેસ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગણપતિ મહોત્સવ દરમિયાન લોક જાગૃતી અન્વયે અઠવાલાઇન્સ પોલીસ દ્વારા કરવામાં આવેલ કામગીરી




પો.કમિ.સા.અનુપમસિંહ ગહલૌત તથા સયુંકત પો.કમિ.સા. સેકટર-૦૨ કે.એન. ડામોર તેમજ ના.પો.કમિ.સા. ઝોન-૪ વિજયસિંહ ગુર્જર સુરત શહેર તથા મ.પો.કમિ.સા. ‘જી-ડીવીઝન નાઓના દ્વારા ગણપતી મહોત્સવ અનુસંધાને NO DRUGS IN SURAT CITY અન્વયે ડ્રગ્સના દુષણને ડામવા લોકોમાં જાગૃતી વધારવાની કાર્યવાહી કરવા માટે સુચના આપેલ હોય.

જે અંતર્ગત પોલીસ ઇન્સપેકટર જી. એમ. હડીયા તથા II પોલીસ ઇન્સપેક્ટર આર. આર. મકવાણા તથા સર્વેલન્સ પો.સ.ઈ. જે. બી. પટેલ તથા સર્વેલન્સ સ્ટાફના માણસોએ અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરી “NO DRUGS IN SURAT CITY BY ATHWALINS POLICE STATION ના ૪*૨ ફુટની સાઇઝના બેનરો નંગ-૨૨૫ બનાવી અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રીગણપતી પંડાલો તથા વધુ લોકોની અવર જવરવાળી જાહેર જગ્યાઓ ઉપર જાહેર જનતાને દેખાય તે રીતે બેનરો લગાવી જે બેનરો સાથે અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર જી.એમ. હડીયા તથા II પોલીસ ઇન્સપેક્ટર આર.આર. મકવાણા તથા પોલીસ કંટ્રોલ રૂમનો નંબર આપી શ્રી ગણપતી પંડાલોના આયોજકો સાથે ચર્ચા પરામર્શ કરી કોઇ પણ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃત્તી જણાયેથી ઉપરોક્ત અધીકારી ઓ તથા પોલીસ કંટ્રોલ રૂમ ઉપર જાણ કરવા અંગે બ્રિફ કરી અનિશ્ચનીય બનાવો ડામવા સારુ તેમજ ડ્રગ્સના દુષણને ડામવા લોકોમાં જાગૃતી વધારવા અંગેની પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## સુરતમાં પથ્થરમારા બાદ રાજકોટમાં પોલીસ એલર્ટ, ગણેશ મંડળોને અપાયો કડક આદેશ

સુરતના સૈયદપુરા વિસ્તારમાં ગણપતિ પંડાલ પર પથ્થરમારા જેવી ઘટના રાજકોટમાં ન બને તે માટે તકેદારીના ભાગરૂપે શહેર પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ આજે ૩૨૪ જેટલા ગણપતિ પંડાલના આયોજકો સાથે મિટિંગ રાખી જરૂરી સૂચનાઓ આપી હતી.

શહેરના એડિશ્નલ પોલીસ કમિશનર, તમામ ડીસીપી અને એસીપી સહિતના અધિકારીઓની હાજરીમાં યોજાયેલી આ મિટીંગમાં ગણપતિ પંડાલના આયોજકોને સીસીટીવી કેમેરા રાખવા, પંડાલમાં ૨૪ કલાક સ્વયંસેવકો રહે તેનું ધ્યાન રાખવા, ભીડભાડ ન થાય તે માટે એન્ટ્રી અને એક્ઝીટ ગેટ અલગ રાખવા સહિતની સૂચનાઓ આપવામાં આવી હતી.

તેની સાથે પોલીસ પણ ગણપતિ પંડાલો આસપાસ પેટ્રોલીંગ કરતી રહેશે તેની ખાતરી આપવામાં આવી હતી.

## ઉમરપાડા તાલુકામાં થોડી કલાકોમાં ૧૦ ઇંચ વરસાદ ખાબકતા નદી-નાળાઓ ગાંડાતૂર થયા




બારડોલી- સુરતના છેવાડે આવેલ અને ચારેયકોર જંગલોથી ઘેરાયેલા ઉમરપાડા તાલુકામાં ૪ કલાકમાં ૧૦ ઇંચ વરસાદ ખાબકતા જળ બંબાકારની સ્થતિ સર્જાઈ હતી. ઘણા નદીઓના લો લેવલ બ્રિજ પાણીમાં ડૂબી ગયા હતા.

ગુજરાતમાં અષાઢ અને શ્રાવણમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ ભાદરવો પણ ભરપૂર જોવા મળી રહ્યો છે. આજે સવારે ૬થી ૧૦ વાગ્યા દરમિયાન સુરતના ઉમરપાડામાં ચાર કલાકમાં ૧૦ ઈંચ ઈંચ વરસાદ ખાબકતા આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ હતી. બે કલાકના ગાળામાં જ વરસેલા ધોધમાર વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાયાં હતાં. વરસેલા ભારે વરસાદને લઈને નદી નાળાઓ છલકાઈ ગયા હતા.

પિનપુર ગામથી દેવઘાટને જોડતો રસ્તો થયો બંધ ઉમરપાડા તાલુકાના પીનપુર ગામ પાસે પસાર થતી વીરા નદીમાં ભારે પાણીની આવક થતાં વીરા નદીનો લો લેવલ બ્રિજ પાણીમાં ડૂબી ગયો હતો. જેને લઇને પિનપુરથી દેવઘાટનો સીધો સંપર્ક તુટી ગયો છે. વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે. જોકે હાલ મેઘરાજા એ વિરામ લેતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો છે. વરસેલા ભારે વરસાદને લઈને ઉમરપાડા તાલુકાની મહુવન નદી, વીરા નદીઓમાં હાલ ભારે પાણીની આવક થઈ છે.

## બારડોલીના મોતામાં પશુઓના ભેલાણથી ઊભા પાકને નુકસાન



બારડોલી- બારડોલી અને પલસાણા તાલુકાના કેટલાક ગામોમાં પશુઓના ભેલાણથી ઊભા પાકને નુકસાન થતું હોવાની ફરિયાદ પલસાણા પોલીસમાં કરવામાં આવી છે. કેટલાક પશુપાલકો દ્વારા ઊભા પાકમાં ઢોર ઘુસાડી દઈ પાકને નુકસાન કરવામાં આવતું હોય ખેડૂતોને આર્થિક ફટકો પડી રહ્યો છે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલી તાલુકાના મોતા ઉપરાંત પલસાણા તાલુકાનાં કારેલી, ગંગાધરા, દસ્તાન, ગાંગપુર, સોયાણી, તુંડી, ધામડોદ ગામની ખેતીની જમીનમાં ઢોરના ભેલાણને કારણે ખેડૂતો ત્રાસી ગયા છે. ખેડૂતોએ પલસાણા પોલીસને લેખિતમાં આવેલા આવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, કારેલી, ગંગાધરા, મોતા, જોખા, હલધરુંમાં પશુપાલકોના પડાવ આવેલા છે. જેઓ તેમના ઢોર ગમે ત્યાં છોડી મૂકે છે. તેમની માલિકીના ઢોર ખેતરોમાં ઊભા પાકને નુકસાન કરે છે.

જો ખેડૂતો કઈ કહેવા જાય તો તેમની સાથે દાદાગીરી કરી શેરડી સળગાવી દેવાની ધમકી આપે છે. કેટલીક વખત ખેડૂતો સાથે મારમારી પણ કરે છે.આથી ખેડૂતોએ આજે ભેગા થઈને પલસાણા પોલીસને આવેદન આપ્યું હતું અને નુકસાન કરનાર પશુપાલકો મેકજી ભરવાડ અને તેના ભાઈ રાજુ ભરવાડ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે.

## ગુજરાત સાહિત્ય અકાદમી લેખન શિબિરમાં કૌશિકા પટેલની પસંદગી




સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ટકારમાં ગામના વતન ની કૌશિકા પટેલ હાલ જેવો સુરત જિલ્લા પંચાયત ચોર્યાસી તાલુકા પાપા પગલી પ્રોજેક્ટ અંતર્ગત ફરજ બજાવે છે. અને સાથે લેખન કાર્ય પણ કરી રહ્યા છે. હાલ તેમના સાત જેટલા લેખ અલગ અલગ ન્યુઝ પેપરમાં પ્રકાશિત થયેલ છે. સાથે અલગ અલગ મેગેઝીનમાં પણ એમના લેખ પસંદગી પામેલ છે.

હાલ ગાંધીનગર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી સર્જનાત્મક લેખન સેમીનાર માં એમની કુલ ૫૪૦ જેટલા કવિ લેખકોની પસંદગી કરવામાં આવી હતી. એમાંથી કુલ સમગ્ર ગુજરાતમાંથી ૬૦ લેખન કાર્ય માટે ની પસંદગીમાં કૌશિકા પટેલની પસંદગી થઈ. સમગ્ર તાલીમ માં હાર્દિક શાસ્ત્રી દેવાંગી ભટ્ટ અને કલ્પેશ જોશી, કવિ રામ મોરી અને અંત ચરણમાં કાજલ ઓઝા પણ હાજર રહ્યા.




LIC digit MUTUAL FUND care BAJAJ Allianz

શું તમારી હેલ્થ ઈન્સ્યોરેન્સ પોલીસીનું પ્રીમિયમ વધી ગયુ છે ?
તમારા એજન્ટ તરફ થી સર્વિસ નથી મળી રહી ?

ફક્ત એક ફોન કરો
Door Step Services
મેડીકલેમ કરાવો

- વ્યાજબી પ્રીમિયમ
- નો કલેમ બોનસ 600% સુધી
- [ડાયબિટીસ ઈન્સ્યુલીન, માનસિક રોગ બીપી, હદય રોગ, થાઈરોઈડ, જેવી ગંભીર બીમારિઓ કવર]
- દર વર્ષે હેલ્થ ચેકઅપ ફ્રી
- કેશલેસ ફેશીલીટી
- ઈન્કમ ટેક્ષ માં લાભ
- દરેક કંપનીની પોલીસી પોર્ટેબલીટી કરી આપવામાં આવશે.
- કન્ટીન્યુ બેનીફીટ સાથે

એજન્ટ બનવા કોલ કરો
NIMESH N. PATEL
Mo. 88663 66683
E-mail :
nimesh.p888@gmail.com

- Life Insurance
- Health Insurance
- Mutual Fund
- Motor Insurance

Office : 214, 2nd Floor, Exiito Comercial Hub, Nr Nayara Petrol Pump, Jahagirpura, Surat



જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb


OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).